પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૨૮ | ૨૭ ઓક્ટોબર, ૨૦૧૮, શનિવાર; આસો વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### આર્સેલર મિત્તલ એસ્સાર ખરીદશે

દુનિયાની સૌથી મોટી સ્ટીલ નિર્માતા કંપની આર્સેલર મિત્તલ દેવામાં ડુબેલી એસ્સાર કંપની ખરીદશે. લગભગ ૪૨,૦૦૦ કરોડમાં એસ્સારનુ અધિગ્રહણ કરાશે.

### સોપોરમાં બે આતંકવાદીઓ ઠાર મરાયા

ઉત્તર કાશ્મીરના સોપોરના બેહરમપોરા વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે થયેલી મુઠભેડમાં સુરક્ષાદળોએ બે આતંકવાદીઓને ઠાર માર્યા છે. જ્યારે એક જવાન શહીદ થઈ ગયો છે.

### બિહારમાં યાત્ર બસ ખાઈમાં ખાબકી : ચારના મોત

બિહારના પટણામાં એક માર્ગ અકસ્માતમાં બસ ખાઈમાં ખાબકી હતી. જેમાં ૪ ના મૃત્યુ નિપજ્યા છે જ્યારે ૩૦ને ઈજા થઈ છે.

### હાફીઝ સઈદનુ સંગઠન પ્રતિબંધિત સૂચિમાંથી બહાર

મુંબઈ પર થયેલા ૨૬/૧૧ના હુમલાના માસ્ટર માઈન્ડ હાફીઝ સઈદનુ સંગઠન જમાત ઉદ દાવા અને ફહાલ એ ઈન્સાનિયત પાર્ટી હવે પાકિસ્તાની પ્રતિબંધિત સંગઠનની સૂચિમાંથી બહાર નીકળી ગયુ છે. રાષ્ટ્રપતિએ એક અધ્યાદેશ પસાર કરી આ સંગઠનોને પ્રતિબંધિત શ્રેણીમાંથી બહાર કરી દીધુ છે.

# સીવીસી બે સપ્તાહમાં તપાસ પૂર્ણ કરે : સુપ્રીમ

## નાગેશ્વર રાવ હાલમાં કોઇ નીતિગત નિર્ણય લઇ શકશે નહીં : સીબીઆઈમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણના મામલામાં આલોક વર્માની અરજી ઉપર સુપ્રીમ કોર્ટનો ચુકાદો : કેન્દ્ર સરકારને નોટિસ



નવી દિલ્હી,તા. ૨૬

કેન્દ્રીય તપાસ બ્યુરો (સીબીઆઈ)માં ચાલી રહેલી આંતરિક વિખવાદની સ્થિતિ વચ્ચે સુપ્રીમ કોર્ટે આજે આલોક વર્માની અરજી ઉપર મહત્વપૂર્ણ ચુકાદો આપી દીધો હતો. સુપ્રીમ કોર્ટના આ ચુકાદા પર તમામ લોકોની નજર કેન્દ્રિત હતી. સુપ્રીમ કોર્ટે નવેસરના વિવાદ ઉપર કેન્દ્ર સરકારને નોટિસ જારી કરતા કહ્યું છે કે, આલોક વર્માની સામે સીવીસી બે સપ્તાહની અંદર જ તપાસ પૂર્ણ કરે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટના એક નિવૃત્ત જજની દેખરેખમાં આ મામલામાં તપાસ કરાશે. બીજી બાજુ કારોબારી સીબીઆઈ વડા નાગેશ્વર રાવના સંદર્ભમાં પણ મહત્વપૂર્ણ નિર્દેશ જારી કરવામાં આવ્યા હતા અને કહ્યું હતું કે, આ ગાળા દરમિયાન નાગેશ્વર રાવ કોઈ મોટા નીતિગત ફેંસલા કરી શકશે નહીં. નાગેશ્વર રાવે હજુ સુધી જે પણ નિર્ણય લીધા છે તે તમામ

● અનુસંધાન પાન-૭ પર

## સુપ્રીમના ચુકાદાની હાઈલાઈટ્સ

### નાગેશ્વર રાવના નિર્ણયો અંગે માહિતી મેળવશે

- બે સપ્તાહની અંદર સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્માની સામે તપાસ પૂર્ણ કરવા સેન્ટ્રલ વિજિલન્સ કમિશનને સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો
- રાષ્ટ્રીય મહત્વનો મામલો હોવાથી આ મામલામાં તપાસમાં વધુ વિલંબ કરી શકાય નહીં જેથી ૧૦ દિવસમાં જ તપાસ પૂર્ણ કરવામાં આવે તે જરૂરી છે. તપાસ રિપોર્ટને જોયા બાદ વધુ તપાસની જરૂર છે કે કેમ તે અંગે નિર્ણય લઈ શકાશે તેમ સીજેઆઈ રંજન ગોગોઈ અને જસ્ટિસ એસકે કૌલ અને એએમ જોસેફે નિર્ણય આપ્યો
- સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ એકે પટનાયક આલોક વર્મા સામે સીવીસી તપાસ ઉપર નજર રાખશે
- પોતાના આદેશ અંગે સ્પષ્ટતા કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આલોક વર્મા સામે સીવીસી તપાસ ઉપર દેખરેખ રાખવા નિવૃત્ત જજને કહેવામાં આવ્યું છે. કારણ કે, દેશ માટે કેસનું મહત્વ રહેલું છે. કોઈપણ પ્રકારની વૈધાનિક સત્તા અથવા તો કોઈ બંધારણ અંગે આંગળી ઉઠાવી ન શકે તે જરૂરી છે
- તપાસ આગળ વધે ત્યાં સુધી કોઈપણ પોલિસી નિર્ણય ન કરવા વચગાળાના સીબીઆઈ ડિરેક્ટર નાગેશ્વર રાવને સૂચના આપી. રાવ નિયમિત કામગીરી અદા કરતા રહેશે
- સુપ્રીમ કોર્ટે વચગાળાના ડિરેક્ટર રાવ દ્વારા હજુ સુધીની તારીખ સુધી લેવામાં આવેલા નિર્ણયો મામલે સીલ કવરમાં રિપોર્ટ આપવા કેન્દ્રને સૂચના આપી
- સુનાવણીની આગામી તારીખ ૧૨મી નવેમ્બરના દિવસે સીલ કવરમાં રિપોર્ટ કરવા ટે કહેવામાં આવ્યું. સીબીઆઈના કેટલા અધિકારીઓની બદલી કરવામાં આવી છે તે અંગે માહિતી આપવા સૂચના આપવામાં આવી

# સીવીસી તપાસમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે : જેટલી

### સુપ્રીમના ચુકાદાનું સ્વાગત : બે ટોપ અધિકારી પર આંગળી ઉઠે તે યોગ્ય નથી : જેટલી

નવીદિલ્હી, તા. ૨૬

કેન્દ્રીય તપાસ બ્યુરો સીબીઆઈમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણ વચ્ચે મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે અને સુપ્રીમ કોર્ટે આજે આ સંદર્ભમાં પોતાનો ફેંસલો પણ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના ફેંસલાનું સ્વાગત કરતા નાણામંત્રી અરુણ જેટલીએ આને રચનાત્મક નિર્ણય તરીકે ગણાવીને પ્રશંસા કરી હતી. નાણામંત્રીએ કહ્યું હતું કે, જે સંસ્થા પર ભ્રષ્ટાચારની તપાસની જવાબદારી છે તેના જ બે ટોચના અધિકારીઓ ઉપર આક્ષેપ થઈ રહ્યા છે. જેટલીએ આલોક વર્મા અને રાકેશ અસ્થાનાને રજા પર મોકલી દેવાના નિર્ણયનું સ્વાગત કર્યું હતુ. જેટલીએ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસની દેખરેખમાં થનારી સીવીસી તપાસથી તમામ વિગતો સામે આવી જશે. જેટલીએ સીબીઆઈ વિવાદના સંદર્ભમાં સ્પષ્ટતા કરી હતી કે, કેન્દ્ર સરકાર કોઈ ખાસ વ્યક્તિ સાથે કોઈ લેવા દેવા ધરાવતી નથી. સુપ્રીમ કોર્ટે આજે બે સપ્તાહમાં તપાસ કરવાનો આદેશ કર્યો હતો. નાણામંત્રીએ સુપ્રીમ કોર્ટના આદેશ પર ટિપ્પણી કરતા કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા જે આદેશ અપાયો છે તે ખુબ જ સકારાત્મક છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાકેશ અસ્થાના પણ સુપ્રીમમાં પહોંચ્યા

### આલોક વર્મા સામે કરી તપાસની માંગ

ન્યુ દિલ્હી,તા. ૨૬

સીબીઆઈ દ્વારા રજા પર ઉતારી દેવાયેલા સ્પેશ્યલ ડાયરેક્ટર



રાકેશ અસ્થાના પણ આલોક વર્માની જેમ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે. અસ્થાનાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને કહ્યુ છે કે મને શિકાર બનાવવામાં આવ્યો છે.

તેમણે આલોક વર્માને ડાયરેક્ટર પદેથી હટાવવા માટે પણ માંગ કરી છે.વકીલ અમીત આનંદે કરેલી અસ્થાના વતીની અરજીમાં આલોક વર્મા સામે તપાપની માંગણી કરવામાં આવી છે.

### કોંગ્રેસ અધ્યક્ષની આગેવાનીમાં સીબીઆઈ-રાફેલ મુદ્દે વિરોધ પ્રદર્શન

# ગમે એટલી વાર ધરપકડ કરી લો, ચોકીદાર ચોર જ છે : રાહુલ ગાંધી

### રાહુલ ગાંધીની અટકાયત બાદ લોધી રોડ પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા



ન્યુ દિલ્હી,તા.૨૬

સીબીઆઈ અને રાફેલ મુદ્દે વિરોધ પ્રદર્શન બદલ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની અટકાયત બાદ તેમને દિલ્હીના લોધી રોડ પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. જો કે થોડી વારમાં જ કોંગ્રેસ અધ્યક્ષ સહિત અન્ય નેતાઓને મુક્ત કરી દેવામાં આવ્યા હતા. પોલીસ સ્ટેશન બહાર આવીને રાહુલ ગાંધીએ વધુ એક વખત પીએમ નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતા કહ્યું કે, 'સીબીઆઈ ડાયરેક્ટર સામે ગભરાટમાં લેવાયેલું આ પગલું હતું, મોદી ગમે ત્યાં ભાગે, છુપાઈ જાય પરંતુ અંતે સત્ય બહાર આવીને રહેશે.' રાહુલ ગાંધીએ અંદાજે ૫૦ મિનિટ સુધી પોલીસ સ્ટેશનમાં સમય વિતાવ્યો હતો ત્યારબાદ તેમને મુક્ત કરવામાં આવ્યા હતા.

સીબીઆઈના મુદ્દે કોંગ્રેસે અધ્યક્ષ રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં હલ્લાબોલ કાર્યક્રમ યોજ્યો છે. જેમાં દિલ્હીમાં સીબીઆઈ કચેરીને ઘેરવા આવેલા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સહિતના કાર્યકર્તાઓની પોલીસે અટકાયત કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શેરબજાર પુનઃ ગબડ્યુ

### અવિરત મંદી : સેંસેક્સમાં વધુ ૩૪૧ પોઇન્ટનો થયેલો ઘટાડો : બેંકિંગ, આઈટી અને એફએમસીજીના શેરમાં જોરદાર કડાકો : એશિયન બજાર ૨૦ મહિનાની નીચી સપાટી ઉપર : યશ બેંકના શેરમાં ૮.૭ ટકા સુધીનો મોટો ઘટાડો : અફડાતફડીના દોરથી કારોબારીઓ ભારે ચિંતિત

મુંબઈ,તા. ૨૬

શેરબજારમાં આજે સતત બીજા દિવસે તીવ્ર કડાકો બોલી ગયો હતો. કારોબારના અંતે સેંસેક્સ વધુ ૩૪૧ પોઈન્ટ ઘટીને ૩૩૩૪૯ની નીચી સપાટીએ રહ્યો હતો. જ્યારે બ્રોડર નિફ્ટી ૯૫ પોઈન્ટ ઘટીને ૧૦૦૩૦ની નીચી સપાટીએ રહ્યો હતો. બેંચમાર્ક ઈન્ડેક્સમાં એક ટકાની આસપાસનો ઘટાડો રહ્યો હતો. બેંકિંગ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, એફએમસીજીના શેરમાં ઘટાડો રહ્યો હતો. એશિયન શેરબજારમાં પણ મંદી રહી હતી. એશિયન શેરબજારમાં ૨૦ મહિનાની નીચી સપાટી જોવા મળી હતી.

સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ૧.૯ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઈન્ફોસીસ, ટીસીએસ, એચસીએલ ટેકનોલોજીના શેરમાં ઘટાડો રહ્યો હતો. નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૧.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. યશ બેંકના શેરમાં ૮.૭ ટકાનો ટાડો રહ્યો હતો. નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સમાં ૧.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. વૈશ્વિક બજારોમાં પણ આજે અંધાધૂંધીનો દોર રહ્યો હતો. એશિયન શેર ઘટીને ૨૦ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યા હતા. એસએન્ડપી ફ્યુચરમાં પણ કડાકો બોલી ગયો હતો. હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં ૧.૦૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. દક્ષિણ કોરિયામાં બ્રોડર માર્કેટમાં ૧.૬૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. કોસ્પીમાં જાન્યુઆરી ૨૦૧૭ બાદથી સૌથી નીચી સપાટી રહી હતી. ફાઈનાન્સિયલ કંપનીઓમાં લિક્વિડીટીની કટોકટીથી રોકાણકારો હચમચી ઉઠ્યા છે.


# દેશમાં યોગી આદિત્યનાથ ગુગલ ટ્રેન્ડમાં મુખ્યમંત્રીઓમાં પ્રથમ સ્થાને

### તમામ રાજ્યોના મુખ્યમંત્રીથી આગળ નિકળ્યા : યોગીની લોકપ્રિયતામાં દિનપ્રતિદિન વધારો : ચૂંટણીવાળા તમામ રાજ્યોમાં યોગીની માંગ સૌથી વધારે છે

લખનૌ, તા. ૨૬

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની લોકપ્રિયતા દિનપ્રતિદિન વધી રહી છે. ગુગલ ટ્રેડર્સના કહેવા મુજબ યોગી આદિત્યનાથ સમગ્ર દેશમાં પૂર્વ અને વર્તમાન મુખ્યમંત્રીઓમાં સૌથી વધારે સર્ચ કરવામાં આવતા નેતા તરીકે છે. છેલ્લા એક વર્ષથી નંબર વન પોઝિશન ઉપર છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીને સ્ટાર પ્રચારક તરીકે ચૂંટણીવાળા રાજ્યોમાં પસંદ કરવામાં આવ્યા છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં યોજનાર વિધાનસભા ચૂંટણીમાં યોગી આદિત્યનાથ સ્ટાર પ્રચારક તરીકે રહેશે. કર્ણાટક, હિમાચલ, ગોવા, ત્રિપુરામાં યોગીની લોકપ્રિયતા ભાજપના ભગવા હેઠળ ઉભરી હતી. ગોરખનાથ મંદિરના મુખ્ય પુજારી યોગી આદિત્યનાથ તમામ ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓથી લોકપ્રિયતા મામલામાં ખુબ આગળ છે.

DUKE



અરિહંત રેડીમેડ ગારમેન્ટ્સ
શાક માર્કેટ પાસે, સેક્ટર-૨૧ • ઘ-રોડ, સેક્ટર-૭
Arihant મોહક જયેશભાઈ જયસુખલાલ જાટકીયા- ૯૯૭૪૦ ૪૧૩૬૮

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ,
ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ



અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૦૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
પ્લોટ નં. ૪૦૩,
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ)
સેક્ટર-૩૦ ચાર રસ્તા પાસે,
અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી
93777 23164
આર. ડી. ગાંધી
99241 23164

દિવાળી
શોપીંગ મેલા-૨૦૧૮
તારીખ : ૨૭/૧૦/૨૦૧૮ થી ૨૮/૧૦/૨૦૧૮
: સ્થળ :
જૈન દેરાસર પરિસર
સેક્ટર-૨૨, ગાંધીનગર
સમય : સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦
શોપીંગ મેલામાં જીવન જરૂરીયાત તેમજ દિવાળીના તહેવારની વિવિધ હોમ મેડ તેમજ હોમ સજાવટની ચીજ વસ્તુઓ એક જ સ્થળેથી ખરીદો. તમામ શહેરીજનોને મુલાકાત લેવા નિમંત્રણ છે.
આયોજક
જૈન સોસ્યલ ગૃપ, ગાંધીનગર
મો. ૯૪૨૬૭ ૫૦૯૯૯, ૯૪૨૬૪ ૨૮૩૮૩

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225



જલિયાન જ્વેલર્સ



આ દિવાળી મનાવો
જલિયાન સંગ
આજે જ પધારો...
પ્લોટ નં. ૧૫૨૪, આપના બજાર પાસે, જલારામ હોસ્પિટલની બાજુમાં, સેક્ટર - ૬, ગાંધીનગર
નં. ૯૭૨૫૭ ૨૨૨૨૪ | ૯૮૨૫૭ ૨૨૨૨૪